પંચકર્મ - અગ્નિકર્મ - વેદનકર્મ - મર્મ:રૂહ - (પીડન) ચિકિત્સા
સંધિવાત - પેરાલીસીસ - કેન્સર - ડાયાબીટીસ - કિડનીના રોગો
વૈદ્યરત્નમ્ સંદિપ પટેલ || આયુર્વેદા વેદ શાલા ||
નિરામય આયુર્વેદિક હોસ્પિટલ®
www.niramayayurveda.com
રી-સર્ચ ફોર આયુર્વેદા
ઘૂંટણનો દુઃખાવો
ઘૂંટણ ના ઘસારા
Osteoarthritis
DTRT
ઉપનાહ સ્વેદન
લેપન
વેદાગ્નિકર્મ
પંચકર્મ
EKL પંચકર્મ
પટ્ટબંધન
અગ્નિકર્મ
ક્ષારકર્મ
વેદનકર્મ (વિધ્ધકર્મ)
ઘૂંટણ, મણકાની ગાદી કે દબાયેલી નસોના ઓપરેશન પહેલા અચૂક મળો
સુરત 'પ્રતિક હાઉસ', ૧/૯૩૪, અડાગરા સ્ટ્રીટ, અથુગરા સ્ટ્રીટ રોડ, ખુરશેદ બેકરી સામે, નાનપુરા, સુરત. Ph. : (0261) 2470875, Mo. : 75748 61856
ભરૂચ એ/૨૨, અમરદીપ કોમ્પલેક્ષ, ફલશ્રુતિનગર, એસ.ટી.ડેપો પાસે, ભરૂચ. Mo. : 75748 61866
બારડોલી અસ્તાન જીન કમ્પાઉન્ડ, સુગર ફેક્ટરી-અસ્તાન રોડ, બારડોલી. Mo. : 75748 61853

ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

Shah Steel
SINCE - 1969
M.S.ANGEL, CHANNEL, BEAM, PLATE CRC, HR,G.I SHEETS M.S.FLAT, ROUND, SQUARE, BRIGHT BAR AND T.M.T BARS
WHOLESALE AND RETAIL STOCKIST & SUPPLIER
B-IND.129-A, UDHNA SANCH COMPLEX, NEW UDHNA DINDOLI ROAD, UDHYOG NAGAR, UDHNA, SURAT-394 210.
PH.: 0261 227962, 2277137 • E-mail : shahnco118@gmail.com
Mobile: 9377722118, 9374718583
SAIL BALBIR AM/NS INDIA JSW MONNET JINDAL STEEL & POWER

માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૩ * * * સંવત ૨૦૮૨ અષાઢ પુનમ બુધવાર ૨૯ જુલાઇ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૨૩૬

પાનાં ૧૦+૧૬ કિંમત ₹ ૫.૦૦

વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શન સામે પોલીસ કાર્યવાહી સંબંધેની અરજીઓ પર સુનાવણી

સગીર દેખાવકારોને છોડવા સુપ્રીમનો શરતી આદેશ

સગીર દેખાવકારોને છોડવા માટે સુપ્રીમે જો કે ગુનાઇત ભૂતકાળ ન હોવાની શરત મૂકી

ધરપકડ કરાયેલા દેખાવકારો પર પણ કડક અને બળપૂર્વકની કાર્યવાહી નહીં કરવા આદેશ

પોલીસ અત્યાચારોની ફરિયાદોની તપાસ કરવા સુપ્રીમ કોર્ટ સીટ બેસાડે તેવી શક્યતા

નવી દિલ્હી, તા. ૨૮(PTI): સુપ્રિમ કોર્ટે મંગળવારે તાજેતરમાં વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવેલા આંદોલનમાં વિરોધ પ્રદર્શન કરનારાઓ સામે કોઈ પણ કડક કે બળપૂર્વકની કાર્યવાહી કરવા સામે રાજ્યોને રોક્યા છે અને ૧૮ વર્ષથી ઓછી ઉંમરના સગીરોને છોડી મૂકવાનો શરતી નિર્દેશ આપ્યો છે, શરત એ છે કે તેમની સામે ભૂતકાળમાં કોઈ ગુનાહિત ઈતિહાસ ન હોવો જોઈએ.

સર્વોચ્ચ અદાલતે સંકેત આપ્યો હતો કે આ તપાસ માટે સર્વોચ્ચ અદાલતના પૂર્વ ન્યાયાધીશના નેતૃત્વ હેઠળ એક સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમની રચના કરવામાં આવી શકે છે. પરીક્ષાઓમાં ગડબડ અને NEET પેપર લીક સામેના વિરોધ પ્રદર્શન દરમિયાન પોલીસ બર્બરતાનો આક્ષેપ કરતી અરજીઓની સુનાવણી કરતા મુખ્ય ન્યાયમૂર્તિ સૂર્યકાંતની અગવાઈ હેઠળની પીઠે જણાવ્યું હતું કે આ

...અનુસંધાન પાના 5 પર

દેખાવો વખતના CCTV ફૂટેજ, ડ્રોન રેકોર્ડિંગ્સ વગેરે સાચવી રાખવા રાજ્યોને આદેશ

સર્વોચ્ચ અદાલતે મહારાષ્ટ્ર, બિહાર, અસમ, ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, પશ્ચિમ બંગાળ અને કેરળને નોટિસ પાઠવી હતી અને તેમના એડવોકેટ જનરલને સુનાવણીની આગામી તારીખે ઓનલાઈન હાજર રહેવા જણાવ્યું હતું. પીઠે જે રાજ્યોમાં વિરોધ પ્રદર્શન યોજાયા હતા તે રાજ્યોને વિરોધ પ્રદર્શનને લગતા CCTV ફૂટેજ, ડ્રોન રેકોર્ડિંગ્સ, બોડી-કેમેરા ફૂટેજ, વાયરલેસ કમ્યુનિકેશન રેકોર્ડ્સ, PCR લોગ્સ અને અન્ય ડિજિટલ પુરાવાઓને સાચવી રાખવા માટે અનેક વચગાળાના નિર્દેશો આપ્યા હતા.

વિદ્યાર્થીઓની હેરાનગતિ બંધ ન થાય તો ફરી આંદોલન : CJP

સરકારે તાત્કાલિક વિદ્યાર્થીઓને નિશાન બનાવવાનું બંધ કરવું જોઈએ : અભિજીત દિપ્કે

સુપ્રીમ કોર્ટના વચગાળાના આદેશનો બહાના તરીકે ઉપયોગ કરવાનો CJPનો સરકાર પર આરોપ

નવી દિલ્હી, તા. 28 : કોકરોચ જનતા પાર્ટી (CJP) એ કેન્દ્ર સરકાર પર વિદ્યાર્થીઓ અને વિરોધીઓને આપેલા વચનોથી પાછળ હટવાનો આરોપ લગાવતા રાષ્ટ્રવ્યાપી આંદોલન ફરી શરૂ કરવાની ધમકી આપી છે. CJP ના સ્થાપક અભિજીત દિપ્કેએ ચેતવણી આપી હતી કે જો પોલીસ વિદ્યાર્થીઓને હેરાન કરવાનું બંધ નહીં કરે, તો પાર્ટી ટૂંક સમયમાં એક વિશાળ અને શાંતિપૂર્ણ વિરોધ શરૂ કરશે. પાર્ટીનો આરોપ છે કે કેન્દ્ર સરકાર આંદોલનકારીઓ સામેના FIR પાછા ખેંચવાની પોતાની લેખિત ખાતરીથી બચવા માટે સુપ્રીમ કોર્ટના વચગાળાના આદેશનો બહાના તરીકે ઉપયોગ કરી રહી છે.

CJP ના સ્થાપક અભિજીતે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર જણાવ્યું હતું કે જો વિદ્યાર્થીઓ

...અનુસંધાન પાના 5 પર

NEET પેપર લીક કેસમાં CBIની ચાર્જશીટ દાખલ

નવી દિલ્હી, તા. 28(PTI) : સીબીઆઇએ મંગળવારે નીટ યૂજી 2026 પેપર લીક કેસમાં સ્પેશિયલ ફાસ્ટ-ટ્રેક કોર્ટ સમક્ષ ચાર્જશીટ દાખલ કરી હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું. કોર્ટ બુધવારે આ મામલે સુનાવણી હાથ ધરે તેવી શક્યતા છે. આ કેસમાં એજન્સીએ 13 આરોપીઓની ધરપકડ કરી છે અને તમામ હાલ ન્યાયિક કસ્ટડીમાં છે. CBIના પ્રવક્તાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, સીબીઆઇએ આ ચાર્જશીટમાં 360 સાક્ષીઓ, 422 દસ્તાવેજો અને 43 ભૌતિક પુરાવા/વસ્તુઓ ટાંકી છે. આજે ચાર્જશીટ કરાયેલા તમામ 13 લોકો ન્યાયિક કસ્ટડીમાં છે.



જાપાનમાં શક્તિશાળી ભૂકંપ : વ્યાપક નુકસાન

શરૂઆતમાં ભૂકંપની તીવ્રતા 7.1 જણાવીને બાદમાં ઘટાડીને 6.8 કરી, સુનામી અસર નહીં

સંખ્યાબંધ લોકો ઘાયલ, એક શોપિંગ સેન્ટર તૂટી પડતા અનેક લોકો ફસાયાના અહેવાલ

રસ્તાઓ, પુલો ,ઇમારતોને નુકસાન થયું અને આગના બનાવો બન્યા હોવાના અહેવાલ

ટોક્યો, તા. ૨૮: મંગળવારે મોડી બપોરે જાપાનના દક્ષિણી મુખ્ય ટાપુ ક્યુશુ પર આવેલા કુમામોટોમાં ૭.૧ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો, જેના કારણે નુકસાન અને લોકો ઘાયલ થયા હોવાના અહેવાલ છે, તેમ અધિકારીઓએ જણાવ્યું હતું.

કાશિમા ટાઉનમાં આવેલા એઓન મોલ શોપિંગ સેન્ટરનો બીજો માળ ધરાશાયી થઈ ગયો હતો, જેમાં અજ્ઞાત સંખ્યામાં લોકો ફસાયા હતા. ફાયર એન્ડ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીએ વધુ વિગતો આપ્યા વિના જણાવ્યું હતું કે બચાવ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. ક્યોડો ન્યૂઝ એજન્સીના અહેવાલ મુજબ, શોપિંગ સેન્ટરમાં માળ ધરાશાયી થતાં પહેલાં એક વિસ્ફોટ થયો હોવાનો અહેવાલ મળ્યો હતો. જાપાન મીટીઓરોલોજીકલ એજન્સી એ જણાવ્યું કે કુમામોટો અને તેના ત્રણ પડોશી પ્રીફેક્ચર્સના પશ્ચિમ કિનારે આવેલા નજીકના અરીઆકે અને યત્સુશિરો સમુદ્ર માટે સુનામી સંબંધિત ચેતવણી અસ્થાયી રૂપે જારી કરવામાં આવી હતી, પરંતુ બે કલાકની અંદર તેને પાછી ખેંચી લેવામાં આવી હતી. આ વિસ્તાર ટોક્યોથી લગભગ ૯૦૦ કિલોમીટર દક્ષિણ-પશ્ચિમે આવેલો છે. યુએસ જીઓલોજિકલ સર્વે(USGS) એ શરૂઆતમાં ભૂકંપની તીવ્રતા ૭.૧ જણાવી હતી, પરંતુ પાછળથી તેને સુધારીને ૬.૮ કરી હતી.

જાપાનના વડાપ્રધાન સનાઈ ટાકાઈચી એ X પર પોસ્ટ કરેલા

...અનુસંધાન પાના 5 પર

દિલ્હી ડાયરી

શાસન, સમીક્ષા અને પત્રકારત્વનો પડકાર

ઓર્ગેનાઇઝર નામના આરએસએસ સંલગ્ન સાપ્તાહિકના ૮૦મા સ્થાપના દિવસ પ્રસંગે તાજેતરમાં એક રસપ્રદ વાતાવરણ જોવા મળ્યું હતું. સામાન્ય રીતે ભાજપ અને આરએસએસ સાથે સંકળાયેલા લોકો કોંગ્રેસની નેતૃત્વવાળી યુપીએ સરકારના દિવસોને યાદ કરે એવું રોજ બનતું નથી, પરંતુ આ કાર્યક્રમમાં ભૂતકાળના સંસ્મરણો તાજા થયા હતા. આરએસએસના મુખપત્રના ભૂતપૂર્વ તંત્રી આર. બાલાશંકરે યાદ કર્યું હતું કે, સાપ્તાહિકના લેખો અને સંપાદકીય પર તત્કાલીન વડા પ્રધાન ડો. મનમોહન સિંહ સહિત સત્તામાં બેઠેલા લોકોની તીક્ષ્ણ નજર રહેતી હતી. તેમણે દાવો કર્યો હતો કે ડો. સિંહ 'ધી ઇન્ડિયન એક્સપ્રેસ'ની વ્યૂ ફ્રોમ ધ રાઇટ કોલમ વાંચવાની હંમેશાં આતુરતાપૂર્વક રાહ જોતા હતા, જેમાં આ સાપ્તાહિકની વિગતોનો સારાંશ આપવામાં આવતો હતો. બાલશંકરે જણાવ્યું, અમે હંમેશાં તત્કાલીન વડા પ્રધાનની ટીકા કરતા હતા... એ સમયમાં કોઈ પણ આલોચનાત્મક લખાણ લખવું સહજ હતું. સોનિયા ગાંધીની ટીકા કરવામાં ભારે મજા આવતી હતી. યુપીએ સરકારે આ બાબતોની નોંધ લીધી હતી

...અનુસંધાન પાના 5 પર

તા. ૨૮-૦૭-૨૦૨૬નું સુરત શહેરનું

હવામાન

વરસાદ (૧૮.૦૦ કલાક સુધી)	આજનો 0.0 મીમી	મોસમનો ૧૩૭૪ મીમી
ઉકાઈ	સપાટી આજની ૩૧૯.૨૨ ફૂટ	આઉટફ્લો ૮૦૦ ક્યુસેક
તાપમાન	મહત્તમ ૩૧.૦ સે.	લઘુત્તમ ૨૯.૪ સે. / ભેજ ૯૭%

પેપર લીક વિરોધી ખરડા અંગે લોકસભામાં ઉગ્ર ચર્ચા

સરકારે ખરડાને વિદ્યાર્થી કલ્યાણ માટેની પ્રતિબદ્ધતા ગણાવ્યો, શાસક સભ્યોનો વિપક્ષ પર પસંદગીયુક્ત વિરોધનો આક્ષેપ

વિપક્ષી નેતાઓએ વિદ્યાર્થીઓ પર પોલીસ દમન સહિતના મુદ્દાઓ ઉઠાવી સરકાર પર આકરા પ્રહારો કર્યા

નવી દિલ્હી, તા. ૨૮(PTI): છ દિવસના ગતિરોધ પછી, મંગળવારે લોકસભામાં પેપર લીક વિરોધી બિલ પર ચર્ચા શરૂ થઈ હતી. સરકારે તેને વિદ્યાર્થીઓના કલ્યાણના રક્ષણ માટે શાસક પક્ષની પ્રતિબદ્ધતા તરીકે વર્ણવ્યું હતું, જ્યારે વિપક્ષે પ્રદર્શનકારીઓ પર થયેલા લાઠીચાર્જ અંગે વળતો પ્રહાર કરતા કહ્યું કે તેમના પર થયેલો દરેક ઘા યુવાનોની પીઠ કરતાં સરકારની પ્રતિષ્ઠાને વધુ નુકસાન પહોંચાડે છે.

'જાહેર પરીક્ષા (અનુચિત રીતોનું નિવારણ) સુધારો બિલ, ૨૦૨૬' પર ચર્ચાની શરૂઆત કરતા પીએમઓના કેન્દ્રીય રાજ્ય મંત્રી જિતેન્દ્ર સિંહે

...અનુસંધાન પાના 5 પર

NEET વિરોધ પ્રદર્શન અંગેના હોબાળા બાદ રાજ્યસભા બુધવાર સુધી સ્થગિત

નવી દિલ્હી, તા. 28 : રાષ્ટ્રીય રાજધાનીમાં નીટ પેપર લીકના વિરોધ પ્રદર્શનકારીઓ પર પોલીસ કાર્યવાહીના મુદ્દે વિપક્ષી દળોના ભારે હોબાળાને કારણે મંગળવારે રાજ્યસભાની કાર્યવાહી દિવસભર માટે સ્થગિત કરી દેવામાં આવી હતી. બપોરે ૧૧ વાગ્યે ગૃહની કામગીરી શરૂ થતાં જ વિપક્ષી સાંસદોએ આ મુદ્દે વિરોધ નોંધાવ્યો હતો, જેના કારણે કાર્યવાહી બપોરે ૨ વાગ્યા સુધી મુલતવી રાખવામાં આવી હતી. બપોર પછી ગૃહ ફરી મળતાં જ ભારે

...અનુસંધાન પાના 5 પર

દિલનો એંગલ બદલો, કેમેરાનો નહીં : મોદી પર પ્રિયંકાનો કટાક્ષ

મોદીએ યુવાનોને રિઝવવા ઇન્સ્ટાગ્રામ પર વીડિયો મૂકવાની નવી શરૂઆત કરી તે બાબતે આ કોંગ્રેસ સાંસદનો તીવ્ર કટાક્ષ

લોકસભામાં બોલતા પ્રિયંકા ગાંધીએ કહ્યું કે વિદ્યાર્થીઓ પર પોલીસ દમનનો જવાબ આપવાની સરકારની જવાબદારી છે

નવી દિલ્હી, તા. ૨૮(પીટીઆઈ): વડાપ્રધાન નરેન્દ્ર મોદી જો જનરેશન ઝી(Gen Z)ને પોતાના પક્ષમાં કરવા માગતા હોય, તો તેમણે કેમેરાના એંગલ બદલવાને બદલે પોતાના "દિલનો એંગલ" બદલવાની જરૂર છે-કોંગ્રેસ નેતા પ્રિયંકા ગાંધીએ ગયા અઠવાડિયે વિદ્યાર્થી પ્રદર્શનકારીઓ સાથે વડાપ્રધાનના ઇન્સ્ટાગ્રામ આઉટરીચ પર કટાક્ષ કરતા મંગળવારે સંસદમાં આ તીખો પ્રહાર કર્યો હતો.

પ્રિયંકા ગાંધીએ વિદ્યાર્થીઓ પર થયેલા લાઠીચાર્જ અંગે પણ સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું કે કોઈ પણ છોકરા કે છોકરી પર પડેલી

...અનુસંધાન પાના 5 પર

કુત્રિમ સૂર્ય ભણી મોટું પગલું

વિશ્વના સૌથી મોટા ફ્યુઝન મેગ્નેટનું નિર્માણ ચીને પૂર્ણ કર્યું

ચીને તેના કૃત્રિમ સૂર્ય કાર્યક્રમ માટે 582 ટનના સુપરકન્ડક્ટિંગ ફ્યુઝન મેગ્નેટનું પરીક્ષણ પૂર્ણ કર્યું

ચાઇનીઝ એકેડેમી ઓફ સાયન્સિસ હેઠળ ઇન્સ્ટિટ્યૂટ ઓફ પ્લાઝ્મા ફિઝિક્સ દ્વારા ચુંબક વિકસાવાયુ

બૈઇજિંગ, તા. 28 : વિશ્વના સૌથી મોટા સુપરકન્ડક્ટિંગ ફ્યુઝન મેગ્નેટનું પરીક્ષણ અને પૂર્ણ કર્યા પછી ચીને કૃત્રિમ સૂર્ય બનાવવા તરફ એક મોટું પગલું ભર્યું છે, જે ન્યુક્લિયર ફ્યુઝન દ્વારા સ્વચ્છ, વર્ચ્યુઅલ રીતે અમર્યાદિત ઊર્જા ઉત્પન્ન કરવા માટે જરૂરી મુખ્ય ઘટક છે. આ સિદ્ધિ ચીનની 2030 સુધીમાં ફ્યુઝન પાવરમાંથી વીજળી ઉત્પન્ન કરવાની મહત્વાકાંક્ષી યોજનામાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે, જે વૈજ્ઞાનિકો જેને કાર્બન-મુક્ત ઊર્જાનો અંતિમ સ્ત્રોત કહે છે તેનો ઉપયોગ કરવાની સ્પર્ધામાં દેશને વૈશ્વિક નેતાઓમાં સ્થાન આપે છે.

ચાઇનીઝ એકેડેમી ઓફ સાયન્સિસ હેઠળ પ્લાઝ્મા ફિઝિક્સ સંસ્થા દ્વારા વિકસાવવામાં આવેલ, નવા સ્વીકૃત ટોરોઇડલ ફિલ્ડ સુપરકન્ડક્ટિંગ મેગ્નેટ એક વિશાળ ડી-આકારનું માળખું છે જે 21 મીટર લાંબુ, 12 મીટર પહોળું અને 582 ટન વજન ધરાવે છે.

સંશોધકો કહે છે કે તે અત્યાર સુધીનું સૌથી મોટું ફ્યુઝન રિએક્ટર સુપરકન્ડક્ટિંગ મેગ્નેટ છે, જે વિશ્વના સૌથી મોટા ફ્યુઝન પ્રોજેક્ટ, ઇન્ટરનેશનલ થર્મોન્યુક્લિયર એક્સપેરિમેન્ટલ રિએક્ટર (ITER) માટે વિકસાવવામાં આવેલા સમાન

...અનુસંધાન પાના 5 પર

કંગનાની જેન-ઝી સામેની આકરી ટિપ્પણીથી રાજકીય તોફાન

કંગનાએ ભારતીય મહિલાઓને કથિત પશ્ચિમી નવી પેઢી ગણાવીને તેમને જનરેશન ગટર કહી હતી

નવી દિલ્હી, તા. 28 (PTI) અભિનેત્રી અને બીજેપી સાંસદ કંગના રાનૌતની સોશિયલ મીડિયા પોસ્ટ્સ, જેમાં તેમણે જેન ઝીને 'ગટર જનરેશન' ગણાવી હતી અને પૂછ્યું હતું કે, તેમને કોણ પેદા કરી રહ્યું છે? આ પોસ્ટના કારણે અભિનેત્રી અને સાંસદ વિપક્ષી નેતાઓ અને સોશિયલ મીડિયાના નિશાન પર આવી ગઈ છે. જેઓ તેમના શબ્દોની પસંદગી અને વિચારોની ટીકા કરી રહ્યા છે. વિવાદપ્રિય આ અભિનેત્રી કંગના મંગળવારે ફરી એકવાર વિવાદમાં આવી હતી, જ્યારે તેણે નીટ પેપર લીક વિરોધ પ્રદર્શન અંગે ઇન્સ્ટાગ્રામ પર ઉશ્કેરણીજનક પોસ્ટ્સની શ્રેણી શેર કરી હતી. આ વિરોધ પ્રદર્શન જંતર મંતરથી શરૂ થઈને અન્ય શહેરોમાં ફેલાયું હતું.

કંગના રાનૌતે કહ્યું, મેં મારા જીવનમાં ક્યારેય એક જગ્યાએ

...અનુસંધાન પાના 5 પર

યુક્રેનમાં ડ્રોન અને મિસાઇલ હુમલાઓ વચ્ચે જહાજ પર ૧૩ ભારતીયો ફસાયા

ચોર્નોમોર્સ્ક પોર્ટ પર લંગારેલા માલવાહક જહાજ 'એમવી અમીર ૧'ની આસપાસ સતત હુમલાઓ થઇ રહ્યા છે

આ જહાજ પરના ૧૫ કર્મચારીઓમાંથી ૧૩ ભારતીયો છે

નવી દિલ્હી, કિવ, તા. ૨૮: યુક્રેનના કાળા સમુદ્ર વિસ્તારમાં આવેલા ચોર્નોમોર્સ્ક પોર્ટ પર લંગારેલા માલવાહક જહાજ 'એમવી અમીર ૧' પર કુલ ૧૫ જહાજી કર્મચારીઓ ફસાયેલા છે, જેમાંથી ૧૩ ભારતીય નાવિકો છે.

ફોરવર્ડ સીમેન્સ યુનિયન ઓફ ઇન્ડિયા(FSUI)ના જણાવ્યા અનુસાર, આ જહાજની આસપાસ સતત થઈ રહેલા ડ્રોન અને મિસાઈલ હુમલાઓને કારણે તમામ ક્રૂ સભ્યો અત્યંત ભયજનક અને જીવન માટે જોખમી પરિસ્થિતિમાં જીવી રહ્યા છે. FSUIએ ભારત સરકાર, જહાજના માલિકો, જહાજના ફ્લેગ સ્ટેટ અને દરિયાઈ સત્તામંડળોને તાત્કાલિક હસ્તક્ષેપ કરવા માટે તાકીદની અપીલ કરી છે. તેમણે માંગ કરી છે કે નાવિકોની સુરક્ષા સુનિશ્ચિત કરવામાં આવે અને તેમને સક્રિય યુદ્ધગ્રસ્ત વિસ્તારમાં અસહાય છોડી દેવાને બદલે ઝડપથી સ્વદેશ પરત લાવવામાં આવે.

આ ઘટના કાળા સમુદ્રના ક્ષેત્રમાં વેપારી જહાજો પર વધી રહેલા જોખમો વચ્ચે સામે આવી છે. આ અગાઉ, ઓડેસા નજીક વેપારી જહાજ 'એમવી ઓમોરફી' પર થયેલા હુમલામાં એક ભારતીય નાગરિકનું મૃત્યુ થતાં, ભારતના વિદેશ મંત્રાલયે યુક્રેનના રાજદૂતને સમન્સ પાઠવ્યું હતું. તે સમયે કોણે હુમલો કર્યો તે સ્પષ્ટ થઈ શક્યુ ન હતું પરંતુ યુક્રેનિયન અધિકારીઓએ દાવો કર્યો હતો કે રશિયાએ મિસાઈલો વડે હુમલો કર્યો હતો. આ ક્ષેત્રમાં 'MV AGN RAGNAR' અને 'MV Golden Leo' જેવા જહાજો પર થયેલા અગાઉના હુમલાઓને ધ્યાનમાં રાખીને, વિદેશ મંત્રાલયે સાવચેતી રાખવાની સલાહ આપી છે.